# કવિતાને પામવી એટલે... | હરીશ વટાવવાળા

[**'ગુજરાતી કવિતાચયન-૨૦૦૫'** : સંપાદક : મણિલાલ હ. પટેલ, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૨૦૦૭, ડેમી, પૃષ્ઠ ૧૪+૯૦, મૂલ્ય : રૂ. ૫૫/-]

'કાન્ત – બળવંતરાય જન્મશતાબ્દી ગ્રંથમાળા' અંતર્ગત શ્રી મણિલાલ હ. પટેલ દ્વારા સંપાદન થયેલ 'ગુજરાતી કવિતાચયન – ૨૦૦૫' ગ્રંથમાં વિવિધ સામયિકોમાં સને ૨૦૦૫માં પ્રકટ થયેલ કવિતાઓમાંથી ચોસઠ કવિતાઓ જોવા-આસ્વાદવા મળી.

'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની કવિતાચયનની યાત્રા ૧૯૯૧થી શરૂ થઈ છે. તે કવિતાના ભાવકો, મર્મજ્ઞો, સર્જકો, વિવેચકો અને અભ્યાસુઓ માટે કવિતાની નવી દિશા નક્કી કરી આપે છે. એ સૌ સંપાદકોનો આ ક્ષણે આભાર માની લઉં. આમ તો સંપાદનનું કાર્ય એ 'ધૂળધોયાના ધંધા' જેવું છે, અથવા તો એમ કહી શકાય કે : 'ઘાસની ગંજીમાંથી સોય શોધવાનું' કામ છે. કેટલીયે કૃતિઓમાંથી પસાર થયા પછી માંડ થોડીક સારી કહી શકાય તેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે. એ સારી સારી કૃતિઓમાં ઉત્તમ કૃતિ કઈ એ નક્કી કરવું ઘણું અઘરું છે. વળી, કૃતિને જ્યારે ઉત્તમ કહીએ ત્યારે તેમાં વ્યક્તિએ વ્યક્તિએ દૃષ્ટિભેદ અને મતમતાંતરો તો રહેવાના જ. પણ મારું અંગત રીતે તો માનવું છે કે જે કૃતિ જે ક્ષણે ગમે એ ક્ષણનો આનંદ માણી લેવો જોઈએ. એમાં સારી-નરસી, ઉત્તમના આગ્રહી ન રહેવું. સંપાદક અને કૃતિ વચ્ચે સાયુજ્ય સધાય પછી જ સંપાદકની દૃષ્ટિમાં સમાય એવી કૃતિ પ્રાપ્ત થાય છે.

સંપાદકની દૃષ્ટિમાં પણ કૃતિ ચયન કરતી વખતે પોતાનાં ધોરણો નક્કી થતાં હોય છે. એમાં 'ગમતાનો ગુલાલ' પણ થતો હોય છે. આમ બને ત્યારે નબળી કૃતિઓ પણ પ્રાપ્ત થતી હોય છે. પણ જે સંપાદક માત્ર કવિને નહીં, પણ એની કવિતાના શબ્દને વફાદાર રહી સંપાદન કરે છે એવી કૃતિઓને માણવી-આસ્વાદવી ગમે. સર્જક ગમે તેટલો જાણીતો હોય, એની કૃતિઓ પોંખાતી પણ હોય, પરંતુ એનો સર્વકાળ ઉત્તમ જ હોય, એ માની ન શકાય. એવા સર્જકોની પણ ઘણી નબળી કૃતિઓ પ્રકટ થતી જ હોય છે.

સંપાદકે તો મનને તરબતર કરે એવી કૃતિઓનું જ સંપાદન કરવાનું હોય છે. પણ જ્યારે કૃતિઓની પસંદગીનો સમય નક્કી હોય અને એટલા જ સમયની કૃતિઓને સારવવા-તારવવાનું બને છે ત્યારે સંપાદનનું કામ મર્યાદિત અને ઘણું જ અઘરું બની જાય છે. સંપાદનનો અર્થ જ સારવી-તારવીને સંતર્પક કૃતિઓને ભાવક સમક્ષ મૂકી આપવી. આવું બને ત્યારે સારી અને હૃદ્ય કૃતિઓ જ પ્રાપ્ત થાય.

આપણા સર્જકો, વિવેચકો, સંપાદકો, 'સારી કવિતા મળતી નથી.' એવો સૂર પણ છેડે છે. એ કેટલેક અંશે સાચું પણ છે. મબલક કવિતામાંથી ઉત્તમ તો ઠીક, પણ સારી કહી શકાય એટલી કૃતિઓ કેટલી ? પણ જે સારી કૃતિઓ પ્રાપ્ત થાય છે એ વાંચીને જ આશ્વાસન લેવું પડે છે. ક્યારેક જ ઉત્તમ કવિતા પ્રાપ્ત થાય છે. એમ બને તો એ સર્જક, ભાવક અને સંપાદક ખરેખર ભાગ્યશાળી છે.

કવિતા એ સમાજનો આયનો છે, સંસ્કારિતાનો માપદંડ છે. હૃદયનો આનંદ છે, હૃદયની મસ્તી છે, જીવનને માણવાનું કલામાધ્યમ છે. એવી કવિતાનો સંકલિત ગુલદસ્તો આપણી અક્ષ-પ્રત્યક્ષ થાય ત્યારે એમ લાગે કે પ્રેમિકાએ સૌપ્રથમ વખત આપેલ ગુલાબના પુષ્પની સુગંધ



માણતા હોઈએ એવી અનુભૂતિ થયા વગર રહેતી નથી. એ ચિરંજીવી ક્ષણો ચિત્તમાં સળવળે અને એક પ્રેમ કરવા જેવી નાજુક અને સંવેદનશીલ ક્ષણો ફરીથી પ્રાપ્ત થાય. એટલે જ કવિતા તો નિજી પીડાની ક્રીડા છે.

આ સંચયમમાં ગ્રંથસ્થ થયેલ કવિતામાં ગીત, ગઝલ, અછાંદસ, છંદોબદ્ધ, સૉનેટ્સ, લઘુકાવ્યો વગેરે પ્રકારો જોવા મળે છે.

ઢગલાબંધ ગઝલનામી ગઝલો લખાતી હોય, દર મહિને પંદર-વીસ ગઝલસંગ્રહો પ્રકટ થતા હોય અને સામયિકોમાં પણ થોકબંધ ગઝલો પ્રકટ થતી હોય અને એ સામયિકોમાંથી વર્ષ દરમિયાન પ્રકટ થયેલ સારી ગઝલ શોધી ભાવક સામે મૂકવી એ ઘણું અઘરું કામ છે. હવે અછાંદસ, સૉનેટ, ગીત, હાઈકુ, તાન્કા વગેરે કવિતા ઓછી લખાય છે. 'મોનો-ઇમેજ' સામયિકને કારણે કેટલીક મોનો-ઇમેજ કવિતા વાંચવા મળે છે, પણ પ્રકટ થતી આ કવિતામાં સારી કહી શકાય એવી કેટલી ? એ શોધી આપવાનું કામ ઘણું જ અઘરું છે. કવિ-વિવેચક ડૉ. મણિલાલ હ. પટેલ તેમની પ્રસ્તાવનામાં પણ લખે છે : 'ગુજરાતી ભાષામાં કાવ્યરચનાઓ પ્રગટ કરતાં મહત્ત્વનાં બાર-પંદર સામયિકો, એમાં... કાવ્યનામી કૃતિઓ... આંખે અંધારાં આવી જાય એવું આ કામ ! બહુ જૂજ રચનાઓએ મજા કે આનંદનો અનુભવ કરાવ્યો છે... બહુ જ ઓછા કવિઓ 'કાવ્યપદારથ'ની ખેવનાથી અને સમજણથી લખે છે.' નામી અને નીવડેલા કવિઓમાં પણ પ્રમાદ જોવા મળે છે. ઉ.ત. : કવિ ઉશનસ્‌ની શિખરિણી છંદમાં લખાયેલી ગઝલમાં કાફિયા છે. સંપાદકે એમની પ્રસ્તાવનામાં લખ્યું છે : 'કાફિયા-રદીફ જેવું ગઝલનું બાહ્ય માળખું જરૂર અપનાવ્યું છે.' પરંતુ રદીફની ગેરહાજરી વર્તાય છે. 'થી' રદીફ નથી પણ કાફિયાનો અંત્ય અક્ષર છે. એને રદીફ તરીકે સ્વીકારી ન શકાય. રદીફ અને કાફિયા એ તો ગઝલનું પ્રાણતત્ત્વ છે. આ ગઝલમાં કાફિયાની અરાજકતા જોવા મળે છે. વળી સંપાદક પોતે જ કહે છે : 'ભાવકને એમાં ગઝલિયતનો નહિ, સૉનેટને અનુકૂળ ભાવોર્મિનો અનુભવ જ વધારે થાય છે.'

એક નવો જ અવાજ અજય સરવૈયાની કવિતા 'તારી પીડા મારું દ્વાર છે.'માં પીડા માટે બે શબ્દો પ્રયોજ્યા છે : 'એક, વરસાદ / બીજો, ગરમાળો.' વરસાદ ભીંજવે અને સ્મૃતિની વેદનાની પીડાય આપે તો ગરમાળો ગ્રીષ્મમાં પણ ઠંડક આપે અને સ્મૃતિની વેદનાની પીડા આપે. આમ કવિએ પોતીકી પીડાને એક નવા જ સંદર્ભે મૂકી આપી છે.

અદમ ટંકારવીની ગઝલમાં નવોન્મેષ પ્રકટતો જોઈ શકાય છે. મત્લાના શે'રમાં અશરફ ડબાવાલાએ પુરાકલ્પનનું ખૂબ જ ગંભીરતાપૂર્વક આલેખન કર્યું છે.

આદિલ મન્સૂરી, અદમ ટંકારવી, હનીફ સાહિલ, ગુણવન્ત ઉપાધ્યાય, કૃષ્ણ દવે, ભાનુપ્રસાદ ત્રિવેદી, ભાનુપ્રસાદ પંડ્યા, મહેન્દ્ર જોશી, રાજેન્દ્ર વ્યાસ 'મિસ્કીન', રિષભ મહેતા, સતીન દેસાઈ 'પરવેઝ', સાહિલ, હેમંત ધોરડા વગેરેની ગઝલોમાં નવોન્મેષ અવાજ પ્રકટતો સંભળાય છે. સુરેન્દ્ર કડિયા, લલિત ત્રિવેદી અને કિરણ ચૌહાણની ગઝલમાં ગઝલોનો મિજાજ ક્યાં ? ભરત વિંઝુડાની મેં અગાઉ વાંચેલી ગઝલો જેવી આ ગઝલમાં નૂતન અભિનિવેશનો અભાવ વર્તાય છે. નીતિન વડગામાની ગઝલના 'મેઘ-મુબારક !' રદીફમાં રહેલી નૂતનતા હર્ષોલ્લિત કરે છે. આ ગઝલનો અંતિમ શે'ર માણવા જેવો છે :

**ડાળી થૈ ઝૂકો, હું ઊઘડું ફૂલ થઈને –**

**સાથે કરીએ હિસાબ સરભર, મેઘ મુબારક !**

અહીં ગ્રંથસ્થ ગીતોએ મને બહુ રાજી કર્યો નથી, તેમ છતાં ઊજમશી પરમાર, દલપત પઢિયાર, ભગીરથ બ્રહ્મભટ્ટ, સંજુ વાળા, રમણીક સોમેશ્વરનાં ગીતોમાં પોતીકો અવાજ, ભાવોર્મિ અને અભિવ્યક્તિની તાજપ વર્તાય છે. ચિનુ મોદીના ગીતમાં આધ્યાત્મિકતા પ્રકટે છે. પ્રફુલ્લ પંડ્યાની શબ્દસંયોજના ધ્યાનાર્હ બને છે. વિનોદ ગાંધીના ગીતમાં જીવનની ફિલસૂફી પ્રકટે છે. રમણીક સોમેશ્વરના ગીતની નવોન્મેષી તાજગી માણીએ :

**"તારે તો બહુ સારું છે**
**પડછાયાનું આખેઆખું પોત હવે બસ તારું છે**
**કાંટાળી ઝાડીમાં પણ ના એક ઉઝરડો પડે**
**પડછાયાને શું, એ વસ્ત્રો પહેરે કે પરહરે**
**વાડ હોય કે વેલો, તારે બધે જ ખોડીબારું છે**
**તારે તો બહુ સારું છે."**

'કંઈક, કશુંક, અથવા તો...' વિશે હું લખતો હતો ત્યારે મને સંજુ વાળાનો અવાજ ગમેલો. અહીં પણ અન્યથી જુદા પડવાની એની મથામણ ધ્યાનાર્હ બને છે.

જયન્ત પંડ્યા, નટવર ગાંધીના સૉનેટમાં હકીકતનું બયાન વધારે, કાવ્યતત્ત્વ ઓછું. મણિલાલ હ. પટેલે પિતાજીને અર્પણ કરેલ બે અંજલિ- (સૉનેટ)કાવ્યોમાં કાવ્યતત્ત્વની સાથે સાથે સ્મૃતિસંવેદનાની પીડા મનને વંદના તરફ લઈ જાય છે. કવિનો એકરાર ધ્યાનાર્હ બને છે :

**"અજંપો રે'તો'તો મુજ તરફ; તે કારણ હશે –**
**'સમાજે છોડેલો, જીવતર સુખે કેમનું જશે ?'**
**રિવાજો પાળ્યા ના, અવનવું કરું, એ ય કઠતું.**
**પિતાજી સંસારે સકળ સુખની વાત ભ્રમણા,**
**તમે જીવ્યા જાણે ઋતુ ઋતુની ના હોય ક્રમણા !!"**

રાજેન્દ્ર શાહ અને રાજેન્દ્ર પટેલના સૉનેટમાં પ્રકૃતિવર્ણન પૂર્ણ રીતે ખીલ્યું છે. બંને કાવ્યો હૃદ્ય છે.

અછાંદસ કાવ્યોમાં કવિ સંવેદનાની સાથે સાથે એનું દાયિત્વ અને અભિવ્યક્તિ રીતિના સંદર્ભે ધ્યાનાર્હ બને છે. એ સંદર્ભે કેટલાક કવિઓની કવિતા તપાસીએ.

સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાની કવિતામાં તળપદ હિન્દી બોલીના કાકુઓ ધ્યાનાર્હ બને છે : 'યે તો બોત બુરો ભયો', 'સાંઢુકાં સીંગ સડે', 'ગોધરે મેં ટ્રેન જલે', 'ગોલાણા મેં ઘરાં મારા માર માર ભડભડે', 'બચ્ચે કો અગુવા કિયા', 'લીલા કિયા ભગવા કિયા', 'ડોક મેં ક્રોસ ડાલ દિયા', 'પરદેસી બના દિયા' વગેરેમાં સાંપ્રત સમસ્યા, ધર્મપરિવર્તન, હિન્દુ-મુસ્લિમ તોફાનો, મૂલ્યહ્રાસને કવિએ તિર્યકતાથી મૂકી આપેલ છે. 'લોથ'ની સાથે 'લોથલ' પુરાકલ્પન અને ઇન્દ્રિયવ્યત્યય પ્રત્યયના સંયોજનમાં પણ સાંપ્રત કરુણા પ્રકટતી જોઈ શકાય છે. 'સાંઢુ કા સીંગ'નું પ્રતીક આયોજન કરી કવિ કહેવા માગે છે કે : સંસ્કૃતિના મૂળમાં જ સડો પડ્યો છે.

કાનજી પટેલની કવિતામાં આદિવાસી સમાજનું દુઃખ, ભૂખની પીડાનું આલેખન આદિવાસી પ્રજાની સ્થિતિને ઉજાગર કરે છે :



**"મોશેટીના બુંધે જાળાં બાઝ્યાં છે.**
**કથરોટ ખાલી છે**
**લોઢી રાતીચોળ છે."**

આવી સ્થિતિમાં પણ આ પ્રજા 'ભંગોરિયા મેળે' મ્હાલે છે ! અને કોઈ યુવતી કોઈ યુવક સાથે ઘર માંડવા ભાગી છૂટે છે. સ્થિતિ તો બંને તરફ સરખી જ છે. દુઃખ, ભૂખ અને પીડા તો આ પ્રજાની જન્મકુંડળીમાં જ લખાયેલ હોય છે !

ચંદ્રકાન્ત શેઠ ટકી રહેવા આધાર શોધે છે. તેઓ અવઢવ સ્થિતિમાં છે. 'નથી... બહાર નીકળાતું, / નથી... અંદર પહોંચાતું.' જયદેવ શુક્લને 'વાટ જડતી નથી', તે 'દીવાસળી' શોધે છે. દિલીપ ઝવેરી, નીતિન મહેતા, પુરુરાજ જોષી, રાજેશ પંડ્યાની કવિતાનો ધ્વનિ કાનને સ્પર્શે છે. પ્રફુલ્લ રાવલ અને મનોહર ત્રિવેદીની કવિતામાં લલિત નિબંધનો ગદ્યલય પકડાય છે. રઘુવીર ચૌધરીની કવિતામાં તળપદ વાતાવરણ ઓછું, કાવ્યતત્ત્વ વધારે.

રમણીક અગ્રાવતે 'ડેલીમાં ડાબે હાથે કંકુથાપામાં પોતાને મૂકી / ચાલી નીકળતી' નવવધૂની સ્મૃતિસંવેદનાને ઢંઢોળી છે. રાધેશ્યામ શર્મા અને લાભશંકરનો અવાજ બદલાયો નથી. હર્ષદ દવેની કવિતામાં નવોન્મેષ પ્રકટે છે :

**"માટીને ક્યાં પુરાવો હોય છે એની ગંધનો**
**એના રંગનો**
**એ જ માટીમાં પીગળતા રહે**
**પાણી, પવન**
**પગ, પડછાયો**
**નિત નવા શબ્દો ફૂટી નીકળે**
**અર્થાન્તર થતું રહે."**

સિલાસ પટેલિયા અને સંસ્કૃતિરાણીની કવિતામાં જીવનની ફિલસૂફીનો નૂતન અવાજ ધ્વનિબદ્ધ થયો છે. નૂતન જાની અને સુરેશ દલાલની કવિતામાં સ્ત્રીની પીડા, આઘાત, દુઃખને વેદનામાં પરિવર્તિત થતાં જોઈ શકાય છે.

આમ 'કવિતાચયન – ૨૦૦૫'ની કવિતામાં છંદ, ભાષા, વિષય, રચનારીતિમાં ક્યાંય નૂતન અભિનિવેશે પ્રકટતું નથી, પણ કાવ્યતત્ત્વને જરૂર પામી શકાય છે. બાકી તો – કવિતાને પામવી એટલે લવણપૂતળીને દરિયો પાર કરાવવો.